પંડિત દિન દયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ મકાનની ટોચમર્યાદા તેમજ સહાય ચૂકવવાની પધ્ધતિ નિયત કરવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૧૮/૨૭૬૪૯/અ.૧
સચિવાલય, ગાંધીનગર
તા.૩૦/૦૫/૨૦૧૮

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૮/૦૧/૨૦૦૪નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૪૯૭/ન.બા.૧/અ
(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૭/૦૭/૨૦૦૭નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૪૯૭/ન.બા.૧/અ
(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૪/૦૮/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: હસલ/૧૨૨૦૧૩/૮૭૩૦૭૫/હ
(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૦/૦૪/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૧૭/૨૬૨૯૧૮/અ-૧
(૫) નિયામકશ્રી(વિ.જા.ક.)નો તા.૦૧/૦૫/૨૦૧૮નો પત્ર ક્રમાંક: વિજાક/જન/સહાય/૨૦૧૮-૧૯/૮૨૨

આમુખ :

આમુખમાં વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના આ વિભાગના તા.૨૮/૦૧/૨૦૦૪ના ઠરાવથી વિકસતિ જાતિ કલ્યાણ ખાતા દ્વારા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, વિચરતિ અને વિમુક્ત જાતિઓ અને આર્થિક રીતે પછાત વર્ગ માટે વ્યક્તિગત મકાન સહાયની પંડીત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજનાનો અમલ કરવામાં આવે છે, જે અંતર્ગત અગાઉ રૂ.૪૫,૦૦૦/- સહાય આપવામાં આવતી હતી. જેમાં મકાન બાંધકામના કુલ ખર્ચની ટોચ મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૫૦,૦૦૦/- તથા શહેરી વિસ્તાર માટે રૂ.૭૦,૦૦૦/- નિયત થયેલ હતી. આમુખમાં વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના આ વિભાગના તા.૨૭/૦૭/૨૦૦૭ના ઠરાવથી મકાનની આ ટોચ મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૧.૦૦ લાખ તથા શહેરી વિસ્તાર માટે રૂ.૧.૫૦ લાખ કરવામાં આવેલ હતી. આમુખમાં વંચાણે લીધેલ ક્રમાંક : (૩) પરના આ વિભાગના તા.૧૪/૦૮/૨૦૧૪ના ઠરાવથી સહાયનું ધોરણ રૂ.૪૫,૦૦૦ થી વધારી રૂ.૭૦,૦૦૦/- કરવામાં આવેલ હતું. જે અંતર્ગત પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૦૮/૦૮/૨૦૧૩ના ઠરાવની પેટર્ન મુજબ ત્રણ હપ્તામાં સહાય ચૂકવવાનું નિયત થયેલ છે. આમુખમાં વંચાણે લીધેલ ક્રમાંક :

(૪) પરના આ વિભાગના તા.૨૦/૦૪/૨૦૧૮ના ઠરાવથી સહાયનું ધોરણ રૂ.૭૦,૦૦૦/ થી વધારી રૂ.૧,૨૦,૦૦૦/- કરવામાં આવેલ છે.

પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ હવે સહાયનું ધોરણ રૂ.૧,૨૦,૦૦૦/- કરવામાં આવેલ હોઇ તેમજ બિલ્ડીંગ મટિરિયલ્સના ભાવો દિન પ્રતિદિન વધતાં હાલના પ્રથમ હપ્તાની રકમ રૂ.૧૭,૫૦૦/-, બીજા હપ્તાની રકમ રૂ.૪૨,૦૦૦/- અને ત્રીજા હપ્તાની રકમ રૂ.૧૦,૦૦૦/- અપુરતી છે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના લાભાર્થીઓ મોટે ભાગે ગરીબ અને પછાત હોવાના કારણે લીન્ટલ સુધીનું બાંધકામ રૂ.૧૭,૫૦૦/- માંથી પુરૂ કરવું લાભાર્થી માટે મુશ્કેલ બને છે. પ્રથમ તબક્કે અપુરતી રકમના કારણે ઘણી વખત બાંધકામ આગળ વધારવું મુશ્કેલ બની જાય છે. ઘણા કિસ્સામાં અરજદારો બીજો અને ત્રીજો હપ્તો લઇ પણ શકતા નથી. વધુમાં, આ યોજના હેઠળ સહાયનું ધોરણ રૂ.૧,૨૦,૦૦૦/- કરવામાં આવેલ હોઇ હાલ અમલીત ટોચ મર્યાદા પણ અપ્રસ્તુત બની જાય છે. તેથી વંચાણે લીધેલ ક્રમાંક : (૫) પરના તા.૦૧/૦૫/૨૦૧૮ના પત્રથી નિયામકશ્રી (વિ.જા.ક.)એ આ યોજના હેઠળ સહાય ચૂકવણીની પધ્ધતિ તેમજ મકાનની ટોચમર્યાદા નિયત કરવા નીતિ વિષયક દરખાસ્ત કરેલ હતી, જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે વિકસતી જાતિ કલ્યાણ ખાતા દ્વારા અમલિત પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજનામાં સહાય ચુકવવાની પધ્ધતિ તેમજ ટોચ મર્યાદા નીચે મુજબ નક્કી કરવામાં આવે છે.

**સહાય ચુકવવાની પધ્ધતિ :**

(i) પ્રથમ હપ્તો રૂ.૪૦,૦૦૦/- (વહીવટી મંજૂરીના હુકમ સાથે )

(ii) બીજો હપ્તો રૂ.૬૦,૦૦૦/- (લીન્ટલ લેવલે પહોંચ્યા બાદ )

(iii) ત્રીજો હપ્તો રૂ.૨૦,૦૦૦/- (શૌચાલય સહિત આવાસનું બાંધકામ પૂર્ણ થયેથી)

**મકાન બાંધકામ ખર્ચ ટોચ મર્યાદા :**

(i) ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૫.૦૦ લાખ

(ii) શહેરી વિસ્તાર માટે રૂ.૭.૦૦ લાખ

શહેરી વિસ્તારમાં Affordable Housing Scheme હેઠળ આપવામાં આવતી સહાયમાં ઉપરની ટોચ મર્યાદા લાગુ પડશે નહીં. એટલે કે જે તે યોજના હેઠળ જે ટોચ મર્યાદા હશે તે લાગુ પડશે.

**શરતો:-**

(૧) આમુખમાં વંચાણે લીધેલ ક્રમાંક (૪) પરના આ વિભાગના તા.૨૦/૦૪/૨૦૧૮ના ઠરાવથી જે કુટુંબોને/લાભાર્થીઓને સહાય મંજૂર કરવામાં આવી છે તેઓને આ ઠરાવ પ્રમાણે હપ્તા ચુકવવાના રહેશે અને ટોચ મર્યાદા લાગુ પાડવાની રહેશે.

(૨) આ યોજના અન્વયેની હાલની અન્ય તમામ શરતો/જોગવાઇઓ યથાવત રહેશે.

(૩) આ અંગેનો ખર્ચ અંદાજપત્રમાં જે તે સદર હેઠળ પાડવાનો રહેશે. અને તે સદર હેઠળ દર વર્ષે

કરવામાં આવતી જોગવાઇઓમાંથી મેળવવાનો રહેશે.

(૪) આ અંગેનો ખર્ચ ચાલુ નાણાંકીય વર્ષની મંજૂર થયેલ બજેટ જોગવાઇની મર્યાદામાં કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૨૮/૦૫/૨૦૧૮ની નોંધથી નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.જી.વણઝારા)
અધિક સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ ખાતું,
ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર

નકલ રવાના :

(૧) માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
(૨) માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સરદારભવન, ગાંધીનગર
(૩) માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સરદારભવન, ગાંધીનગર
(૪) માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
(૫) માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સરદારભવન, ગાંધીનગર
(૬) માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સરદારભવન, ગાંધીનગર
(૭) તમામ માન.મંત્રીશ્રી/માન.રા.ક.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સરદારભવન, ગાંધીનગર
(૮) મુખ્ય સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સરદારભવન, ગાંધીનગર
(૯) અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી (સર્વે વિભાગો), સરદારભવન, ગાંધીનગર
(૧૦) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
(૧૧) પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર
(૧૨) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
(૧૩) સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
(૧૪) નાણાં સલાહકારશ્રી (સા.ન્યા.), સરદારભવન, ગાંધીનગર
(૧૫) અધિક સચિવશ્રી/સંયુક્ત સચિવશ્રી/નાયબ સચિવશ્રી(તમામ), સા.ન્યા.અને અ.વિ., સચિવાલય, ગાંધી

(૧૬) સર્વે ઉપ સચિવશ્રી, સા.ન્યા.અને.અ.વિ., સચિવાલય, ગાંધીનગર

(૧૭) સર્વે શાખાઓ, સા.ન્યા.અને.અ.વિ., સચિવાલય, ગાંધીનગર

(૧૮) નિયામકશ્રી (વિ.જા.ક.), ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર- જિલ્લા કક્ષાએ પરિપત્રિત કરવાની વિનંતી સહ.

(૧૯) સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ/જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ

(૨૦) સેકશન અધિકારીશ્રી(કોમ્પ્યુટર સેલ), સા.ન્યા.અને.અ.વિ., સરદારભવન, સચિવાલય, ગાંધીનગર વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ

(૨૧) સિલેક્ટ ફાઇલ-૨૦૧૮